સર્વ દિશાઓમાં જેની કીર્તિ પ્રસરી છે એવો કવિકુલગુરુ, વિદ્વાન જનોનું મનહરણ કરનાર, ગીર્વાણ ભાષાના જાણનારમાં શિરોમણિ 'बाणोच्छिष्टं जगत् सर्वम्' એ વાક્યથી જેની કીર્તિ ગવાય છે, એવો બાણ કયે સમયે થઇ ગયો, કયા ગોત્રના તે ભૂષણરૂપ હતો, તેના ભાગ્યવંત માબાપ કોણ હતાં, કયા મહીપતિની સભા તેના વડે શોભતી, એ બધું તેના વિષયમાં કાલીદાસ વગેરેની પેઠે વિવાદગ્રસ્ત નથી. પોતાના ગ્રંથો વડે સ્થાપન કરી છે કીર્તિ જેણે એવા તે કવિઓએ કોઇપણ વખતે કોઇ પણ ઠેકાણે પોતાના પુસ્તકોમાં અથવા બીજી જગ્યાએ એ સર્વ લખ્યું નથી. તેથી તેમના વિષયમાં આપણું જ્ઞાન લગભગ નાશ પામ્યા જેવું છે. જે કાંઇ થોડું આપણે જાણીએ છીએ, તે ટીકાકાર પ્રકીર્ણ ગ્રંથકાર મારફતે અને દંત કથા તથા આખ્યાયિકા મારફતે મળેલું છે તેથી તેમના વિષયમાં આપણે કાંઇજ નથી જાણતા એમ કહેવુંજ વધારે યોગ્ય છે. બાણ બિલ્હણ વગેરે કેટલાક કવિઓએ પોતાના ગ્રંથના આરંભમાં પોતાનું વંશવર્ણન આપ્યું છે અને પોતાના રાજાઓની વિખ્યાતિનાં યશોગાન કર્યાં છે. રાજાઓના વર્ણનથી 'હુ એન્ ત્સંગ' આદિએ કરેલાં વર્ણનના સામ્ય વડે તથા રાજતરંગિણી ઇત્યાદિ ગ્રંથોના પ્રમાણથી તેમના વિષયમાં આપણું જ્ઞાન સ્ફુટતર થાય છે.

આ કવિએ પોતે રચેલી કાદમ્બરીની શરૂઆતમાં પોતાના કુલનું વર્ણન ટુંકાણમાં વાત્સ્યાયનવંશ વર્ણન એ નામે પદ્યમાં આપેલું છે. [૧] પણ હર્ષચરિતમાં સ્વકીય અને પૈતૃક્ય આખ્યાન લંબાણથી આપ્યું છે. હર્ષચરિતના પહેલા બે ઉચ્છ્વાસ અને ત્રીજાનો મોટો ભાગ વંશવર્ણનમાંજ રોકાયો છે. પોતાના વંશની વિખ્યાતિ ફેલાવવાના પ્રયત્ન

૧ આ તેના પુત્રની રચના છે એવો કેટલાકોનો અભિપ્રાય છે. એ વિવાદવિષય હોવાથી આગળ વિવેચન કર્યું છે.

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

અને અપરિપક્વ વાગ્વિલાસનું આ ફળ છે એમ કેટલાકનો મત છે. બાણે હર્ષચરિતમાં આપ્યું છે તેજ પ્રમાણે પણ ટુંકાણથી તે વંશવર્ણન અમે અહિં આપીએ છીએ.

એક વખતે દેવસભામાં મંડપાલ[૨] મુનિ સાથે વિવાદ કરતાં તારાપતિ સહોદર અત્રિસુતુ સુલભકોપ દુર્વાસા ઋષિએ ભૂલથી ખોટો ઉચ્ચાર કર્યો. પ્રજ્ઞાતાથી બીજા દેવો શાંત રહ્યા. દૈવવશાત્ દેવી સરસ્વતીએ સ્મિત કર્યું. આ જોઇને તેને શાપ દેવાને તેણે હાથમાં પાણી લીધું. ભયને લીધે સર્વ દેવો આસનેથી ઉભા થઈ ગયા અને તેને નિવારવાનો પ્રયત્ન કરવા લાગ્યા, પણ સાવિત્રીની પ્રાર્થનાઓ ઋષિઓની વિજ્ઞપ્તિઓ અને તપના રક્ષણમાટે તેના પિતા અત્રિના ઉપદેશ એ સર્વ નિષ્ફળ થયાં. શાપજળ ભૂમિપર નાખીને તે બોલ્યા. રે જ્ઞાનલવદુર્વિદગ્ધ ! તારો મદ હું ઉતારીશ. મર્ત્યલોકવાસિની થા. જ્યારે સાવિત્રી પ્રતિશાપ આપવા તત્પર થઇ, ત્યારે "તું જે માર્ગે જાય છે, તે સાધુજનને યોગ્ય નથી, અને બ્રાહ્મણો અસંસ્કૃતમતિવાળા હોય, તોપણ અપમાન યોગ્ય નથી;" એમ કહીને સરસ્વતીએ તેને રોકી. અંતે બ્રહ્મા બોલ્યા "ભો બ્રાહ્મણ, આ વિદ્વજ્જન ચરિત માર્ગ નથી. ક્રોધાન્ધકારથી તારાં અંતશ્ચક્ષુ મીંચાઇ ગયાં છે. તારી મતિ દોષાદોષ જોઈ શકતી નથી. તારૂં મન વિવેકશૂન્ય થઇ ગયું છે. પરદોષદર્શનચપલ દૃષ્ટિની પેઠે તારી બુદ્ધિ સ્વદોષ જોઈ શકતી નથી." સરસ્વતીનું સાંત્વન કરતાં બોલ્યા "તું ખેદ ન પામીશ. મારા અસાન્નિધ્યથી દુઃખિત તારા મનને આ સાવિત્રી તારી સહગામિની થઇને પ્રમોદ આપશે. તારા આ શાપનો પુત્રમુખકમલદર્શન સુધીનોજ અવધિ છે." સાવિત્રી અને સરસ્વતી જ્યારે મન્દાકિનીને તટે થઇને મર્ત્યલોકમાં ઉતરતાં હતાં ત્યારે તેઓમાંની એકે "આકાશમાં રહ્યાં રહ્યાંજ વરૂણના હાર જેવી, ચંદ્રાચલના અમૃતપ્રવાહ જેવી, વિંધ્યના શશિ મણિનિસ્યંદ જેવી દંડકારણ્યના કર્પૂર વૃક્ષના નિર્ઝર જેવી, દિશાઓના લાવણ્ય રસના પ્રસ્રવણ જેવી, અંબરશ્રીના શયનમાટે સ્ફટિક શિલાપટ્ટ જેવી સ્વચ્છ શીતળ જળથી

૨ મંડ ઉપમન્યુ આ નામ પણ કહેવાય છે.

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

ભરપુર ભગવાન પિતામહના અપત્ય જેવી હિરણ્યબાહુ નામે મહાનદી કે જેને લોકો શોણ કહેછે[1] તે નદીને જોઇ." ત્યાં એમની દૃષ્ટિએ નદીતટ આવ્યો કે જે "અમરકામિનીઓને શ્રવણશિખરે આરોહણ" કરવાને યોગ્ય તરંગપવનના સ્પર્શથી હાલતાં પોતાનાં પલ્લવ વડે, તથા પુષ્પરસના લોભથી નિરંતર ભરાયેલા મત્ત ભ્રમરોના મધુર ગુંજારવ વડે દૂરથી જાણે (એમને) બોલાવતો હતો; મરકત મણિ જેવી શ્યામ પોતાની પ્રભા વડે દશે દિશાઓને સાથેજ જાણે લેપ કરતો હતો; રવિકિરણનો પ્રવેશ નહિ થવાથી દિવસે પણ અંદરથી રાત્રિ જેવો દેખાવ આપતો હતો; બહુ દિવસનો પરિચય છતાં પણ મેઘની શંકાથી વારંવાર મધુર કેકારવ કરીને ઉંચી ડોકે વનમયુરો જેને જોઇ રહેતા હતા; મેઘસમયનું જે જાણે સ્થાન હતો; સર્વ સંતાપનો જાણે પ્રતિપક્ષ હતો; શીતલતાનો જાણે આવાસ હતો, ચૈત્ર માસનો જાણે નિર્ગમ માર્ગ હતો; મદનનો જાણે આશ્રય હતો; કામોત્કંઠામાં રતિનું જાણે વિનોદસ્થાન હતો; સર્વ રમણીયતાનું સ્થળ હતો અને અહર્નિશ વાતા સુગંધી તથા શીતલ તરંગ પવનથી જેના ઉપરનાં શિલાતલ ઠંડાં થયેલાં હતાં."[2]

એક સમયે તેઓએ એક ઘોડેસ્વારના ટોળાને આવતું જોયું. તેમની વચ્ચે લગભગ ૧૮ વર્ષનો કવચધારી એક અનુચરવાળો કોઇક કુમાર હતો. પરિજનને મોઢેથી તેઓ ત્યાં રહેછે, એ ખબર સાંભળીને પોતાના ઘોડાને ઝડપથી ચલાવીને ઉતાવળથી તે જગ્યાએ આવ્યો. દુરથી ઘોડા પરથી ઉતરી પડયો. પરિજનને ઉભા રાખીને પેલા બીજા મિત્ર સહિત પગે ચાલીને સવિનય તેમની પાસે ગયો, અને આતિથ્યનો સ્વીકાર કર્યો. સાવિત્રીએ કહ્યું. "આપના મિત્રના કૌશલ્ય અને પેશલતા વડે કૌતુક ઉત્પન્ન થવાથી, સાથેજ ધુળમાં રમવાથી પરિચયવાળી આ મારી સખી પ્રશ્ન કરવા પ્રેરાય છે, અને

---

૧ બાણકૃત હર્ષચરિતમાંથી. જેને લોકો શોણ કહેછે-હોમર પણ આ રીતે લખે છે, એટલે આ જગ્યાએ પિટર્સન કહે છે.

૨ બાણપુત્ર કૃત ઉત્તરાર્ધમાંથી શ્રીયુત છગનલાલ પંડ્યાનું ભાષાંતર.

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

ઔત્સુક્ય નિવારણની કૃપા તેના પર કરવામાં આવે એમ ઇચ્છે છે. ૧ તે બોલ્યો "આ મારો મિત્ર મહાપ ચ્યવનના બહાર ફરતા પ્રાણરૂપ તેનો પુત્ર દધીચ છે. તેની માતા જગત જીતનાર અનેકપાર્થિવ સહસ્ર જેના અનુચર છે એવા શર્યાતની પુત્રી ત્રિભુવનકન્યા રત્ન સુકન્યકા નામે છે. ૨ માતામહ ગૃહે જન્મ્યા પછી પરિપક્વ વય થવાને લીધે હાલ પિતૃગૃહ પ્રતિ ગમન કરેછે અને હું તેની સાથે જનાર વિકુક્ષી છું" એમ નિવેદન કર્યું. તેમનું વૃત્તાંત પુછતાં સાવિત્રીએ કહ્યું, "તે યોગ્ય સમયે જણાશે." પછીથી તેઓ ચ્યવન ઋષિના આશ્રમ તરફ ગયા, પણ દધીચ પોતાની સાથે સરસ્વતીનું મન પણ લઇ ગયા. રાત દિવસ તે તેનું સ્મરણ કરવા લાગી. વિરહ દુઃખને લીધે સ્વર્ગને પણ નહિ ઇચ્છતી માત્ર તેના દર્શનને જોવાની ઉત્કંઠા હૃદયમાં રાખીને તે ગયો એટલે તેજ દિશામાં જોયા કરતી, અને દૃષ્ટિને મહા મહેનતે પાછી વાળતી. ૩ એમ કેટલાક દિવસ ગયા પછી એક વખતે આવીને વિકુક્ષી બોલ્યો. "મન્મથ વિકારને વશ થયેલા મારા મિત્રે આપને વિસારી મુક્યાં નથી. હમણાંજ તેના બહાર ફરતા પ્રાણ જેવી માલતી નામે વારાંગના આવશે. તેણે આવીને બપોર પછી સાવિત્રી જ્યારે સ્નાન માટે ગઇ હતી ત્યારે અર્થસૂચક સ્મિત કરીને સ્મરવિકારવિવશ દધીચની ખબર કહી. "તમારે શરણે છું" એવી સરસ્વતીની પ્રાર્થના સાંભળી તેના હૃદયનાથને તુરંગારૂઢ કરીને ત્યાં લાવી. એમ સુખપૂર્ણ દિવસો જતાં જતાં તેણે સારસ્વત નામે પુત્રને જન્મ આપ્યો. તેને "સર્વજ્ઞ" થા એવી આશિષ દઇને બ્રહ્માએ બોલાવવાથી સ્વર્ગમાં પાછી ગઈ. તેના દીયરની પત્ની અક્ષમાલિકાને તેજ સમયે વત્સ નામે પુત્રની પ્રાપ્તિ થઇ. સારસ્વત ધાત્રેયવાત્સલ્યને લીધે પોતાનું સર્વ જ્ઞાન તેને આપીને અને પ્રીતિકુટમાં નિવાસસ્થાન સ્થાપી આપીને પિતા સાથે તપ તપવા લાગ્યો.

---

૧ આવા કથાવિભાગ કાદમ્બરીના સ્થૂળ લેખ છે એમ પિટર્સન માને છે.

૨-૩ બાણકૃત કાદમ્બરિ ૧૯૦૦ પૃષ્ઠ ૧૯૧.

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust
વત્સ એક મોટા વંશનો આદિપુરૂષ થયો. ત્યાર પછી બાણ સુધીનું વંશવર્ણન એ નીચે પ્રમાણે હર્ષચરિતમાં આપે છે. 'તેઓ એમ ઉત્પન્ન થતાં, સંસાર ચાલતાં, યુગ જતાં, કલિનું અવતરણ થતાં, વરસો વહી જતાં, દિવસો ચાલ્યા જતાં, સમય પસાર થતાં, પ્રસવપરંપરાથી વિકાસ પામતા વાત્સ્યાયન કુળમાં કુબેર નામે વૈનતેયના જેવો ગુરૂપક્ષપાતિ બ્રાહ્મણ જન્મ પામ્યો. તેને અચ્યુત ઇશાન હર પાશુપત[1] એ ચાર યુગારંભ જેવા બ્રહ્મતેજ વડે જેની પ્રજા વિસ્તાર પામે છે એવા નારાયણના બાહુદંડ જેવા સચ્ચક્રનંદક પુત્રો થયા. તેમાં પાશુપતને એકજ ભુર્ભાર જેવો અચલકુલ સ્થીતિ ચતુસ્સમુદ્ર જેવો ગંભીર સર્વ બ્રાહ્મણોનો ચક્રચુડામણિ મહાત્મા અર્થપતિ નામે પુત્ર થયો. તેણે અગીઆર રૂદ્ર જેવા સોમથી ભરેલા રસશીકરચ્છુરિત મુખવાળા પવિત્ર ભૃગુ હંસ શુચિ કવિ મહીદત્ત ધર્મ જાતવેદસ ચિત્રભાનુ ત્ર્યક્ષમહીદત્ત અને વિશ્વરૂપ એમ અગીઆર પુત્રોને જન્મ આપ્યો તેમાંથી ચિત્રભાનુએ રાજદેવી નામની બ્રાહ્મણ પત્ની વડે બાણ નામે પુત્રને મેળવ્યો.

બાલ્યાવસ્થામાંજ તે માતૃસુખવંચિત થયો. પુત્રપ્રેમી પિતાએ તેને સંભાળી મોટો કર્યો. તે ચૌદ વર્ષનો થતાં તેના પિતા પણ પંચત્વ પામ્યા. પિતાનું અવસાન થતાં શોકને લીધે મન બળવાથી તેણે પિતૃગૃહમાંજ કેટલાક દિવસ નિર્ગમન કર્યા. ધીમે ધીમે શોક દુર થતાં સ્વાતંત્ર્ય બહુલતાને લીધે ધૈર્યવાન ન હોવાથી વિવિધ પ્રકારનાં ચપલ આચરણ કરીને અતિચંચલ થયો તેને ઘણા સમોવડીઆ મિત્રો અને સહાયકો હતા. તેમની નામાવલી બાણ વિસ્તારથી કહેછે. આમાં વિવિધવૃત્તિપરાયણ, નાનાવિધ ઉપાય વડે ઉપજીવિકા ગ્રહણ કરનારા કુલિન અકુલિન રીતિએ ધનાર્જન કરનાર ઘણા જનો જોવામાં આવે

---

૧ કાદમ્બરીના આરંભ શ્લોકમાં પાશુપતનું નામ નથી એ વિસ્મય જનક છે. બાણ અથવા તેનો પુત્ર પાશુપતનું નામ નથી જણાવતા એ આશ્ચર્યકર છે. આમ હોવાનું કારણ વ્યક્ત નથી. પાશુપત નિર્દેશ વાળા શ્લોકો નાશ પામ્યા હશે?

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

છે આ ઉપરથી બાલ્યાવસ્થામાં બાણ વિવિધ પ્રકારના મંડળોમાં ફરતો હશે. અને સર્વપદ પંક્તિધારકોને સહવાસવડે જાણતો હશે એમ કલ્પી શકાય છે. પૈસાદાર હોવા છતાં તેણે યૌવન સામાન્ય કુતૂહલથી પ્રેરાઇને વૃદ્ધોના હાસ્યાસ્પદ થઇને એક સ્થાનથી બીજે સ્થાને ભ્રમણ કર્યું, ઘણા અનુભવથી પરિપક્વ બુદ્ધિ થતાં સ્વનિવાસ સ્થાન બ્રાહ્મણાધિવાસ અથવા પ્રીતિકૂટમાં ગયો.

એક વખતે ગ્રીષ્મ સમયે સાંજને વખતે ભોજન કરી રહ્યા પછી તેના બંધુ ચંદ્રસેને શ્રી હર્ષદેવના ભાઇ કૃષ્ણ તરફથી લેખ લઇને આવનાર દુતને બાણની પાસે આણ્યો. તે પત્રમાં લેખકની ઇચ્છાનું અનુસરણ કરવા માટે બાણને વિજ્ઞપ્તિ કરવામાં આવી હતી. એ લેખનો સાર નીચે પ્રમાણે હતો.

કોઇ એક ચાડીઆએ તમારા સંબંધમાં શ્રી હર્ષદેવને ક્રોધ ઉત્પન્ન કરાવ્યો છે. ખરી વાત જાણવાથી આપના તરફથી મેં તેમને શાંત કર્યા છે. યૌવનસામાન્ય સાહસ સિવાય બીજું કાંઇ સંભવિત નથી એવું કારણ મેં આપ્યું છે. મહારાજ આ વાત માને છે માટે તમારે વિના વિલમ્બે મહારાજ શિબિર પ્રતિ પ્રયાણ કરવું. કેવી જાતનો સત્કાર મળશે એવી શંકાવાળા મનથી ગૃહશાંતિ વગેરે મંગળ વિધિ કરીને જમણો પગ આગળ રાખી પોતાને ઘેરથી નીકળ્યો. ત્રીજે દિવસે અજિરાવતીને કાંઠે મણિતારા સમિપ શ્રી હર્ષ નિવાસે પહોંચ્યો. જ્યારે બાણે માલવરાજપુત્રાલંકૃત હર્ષ સભામાં પ્રવેશ કર્યો ત્યારે તેણે પહેલાં તો ખોટો ક્રોધ બતાવ્યો પણ પાછળથી પોતાનો અત્યંત સંતોષ પ્રગટ કર્યો. તેને સભારત્ન તરીકે સ્થાપીને પ્રેમ અને કૃપા બતાવ્યાં. ત્યાંથી પાછા ફરતાં બંધુઓએ અભિનંદન આપ્યું. વાચક સુદ્રષ્ટિએ વાયુપુરાણનો પાઠ કર્યો અને બંદી સૂચિબાણે શ્રી હર્ષદેવ વિશે બે આર્યાઓ ઉચ્ચ સ્વરે ગાઇ સંભળાવી. તે સાંભળીને તેના ચાર મંત્રીજનો એક બીજાના સામું જોવા લાગ્યા અને સૌથી નાના શ્યામલે અખિલ ભૂવન શાસન કરનાર સુભાગ્ય અને સદ્ગુણ વિષે સર્વ રાજાઓથી વધી જનાર શ્રી હર્ષદેવનું ચરિત્ર સાંભળવાની ઇચ્છા જણાવી. બાણે હસીને કહ્યું "આર્ય, જુઓ,

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

ક્યાં પરમાણુ પરિમાણુ બદ્ધ હૃદય અને ક્યાં સમસ્ત વિશ્વવ્યાપી દેવનું ચરિત્ર! ક્યાં પરિમિતવર્ણવૃત્તિવાળા થોડાક શબ્દો અને ક્યાં તેમના અનેકાનેક સદ્ગુણો! આ સર્વજ્ઞને પણ ન આવડે એવો વિષય છે. વાચસ્પતિને પણ અગોચર છે. સરસ્વતીને પણ બહુ ભારે પડે એમ છે તો પછી આપણા જેવાની શી શક્તિ? કયો પુરૂષ સો આયુષ્ય વડે પણ દેવનું ચરિત્ર પુરેપુરૂં વર્ણવી શકે?[૧] એમ કહીને દિવસ બહુ ગયો હોવાથી બીજે દિવસે સવારસાં સુચિબાણના શ્લોકથી નિદ્રા દુર કરી મિત્રોને ભેગા કરી સાંભળનારના કાનને આનંદ આપનાર શ્રી હર્ષદેવનું ચરિત્ર કહેવા માંડયું કે જે હર્ષ ચરિત એ નામે પ્રખ્યાત છે.

અહીંયાં બાણ સંબંધી કથા વિભાગ પુરો થાય છે અને રાજાનું વર્ણન આવે છે કે જે અહીં અસ્થાને છે. તે પછી એનું જીવન કેવા પ્રકારનું હતું, એણે શું કર્યું, ક્યાં રહ્યો, એ સર્વ જણાતું નથી. યમે પ્રાણનું હરણ કરવાથી કાદમ્બરી અપૂર્ણ રાખીને તે સ્વર્ગ લોકમાં ગયો એમ જણાય છે.[૧] તેના પુત્રનું નામ ભૂષણભાણ હતું એમ બુલ્હર માને છે અને પિટર્સન તેમાં સંમતિ દર્શાવે છે. કેટલીક પ્રતોમાં તેનું નામ પુલિન્દ દર્શાવ્યું છે. તિલકમંજરીકાર ધનપાલ પણ એમજ સૂચવતો લાગે છે.

"केवलोऽपि स्फुरन्बाणः करोति विमदान् कवीन्।
किं पुनः कृतसंधानः पुलिन्द्र(न्द ?) कृतसन्निधिः ॥"

અહીં શ્લેષ છે. ઉદયપુરમાં વિકટોરીયા હૉલ પુસ્તકાલયમાં કાદમ્બરીની પ્રત છે. તેને અંતે આમ લખેલું છે.

"समाप्ता चेयं कादम्बरी नाम कथा कृतिर्भट्टबाणस्य तत्सूनोः पुलिन्दस्य चेति। समाप्ता कादम्बर्या उत्तरकथा। श्रीरस्तु ॥श्री॥

---

૧ બાણ રચિત હર્ષ ચરિત ઉપરથી

૧ "याते दिवं पितरि" ઇત્યાદિ.
પિતા સ્વર્ગ વાસી થતાં જગમાંથી છિન્ન થયો;
કથાનો પ્રબંધ તેનો [illegible]" (છ. હ. પંડ્યા)

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

॥ छ ॥ कल्याणमस्तु ॥

કાશ્મીરનૃપતિના પુસ્તકાલયના ગ્રંથોની નોંધમાં પણ નિચે પ્રમાણે લખેલું છે,

ગ્રન્થાંકઃ	ગ્રન્થનામ	કર્તૃનામ	પત્રાણિ	શકે	સંવેદનમ્
૧	ભૂર્જ કાદમ્બરી	બાણભટ્ટઃ	૨૧૯	૧૫૬૯	ભૂર્જપત્રેષુશારદાલિપિ
		તત્પુત્રઃ		સપ્તર્ષિ	૧૦૯–૧૧૪ પત્રે
		પુલિનશ્ચ		૨૩	વિહાય સંપૂર્ણા

અને ઉપોદ્ઘાતમાં લખ્યું છે કે આ લેખ બાણના પુત્રનું નામ જણાવે છે, તેથી તે બહુ ઉપયોગી છે. તેના અન્તે લખેલું છે કે

"समाप्तेयं महाकवेर्भट्टबाणस्य कृति कथा कादम्बरी संपादिता तत्सूनुना भट्टपुलिनेन। लिखिता च भट्टदामोदरकेण भट्टशंकरानंदाय। सं. २३ ज्ये वति १३ खौ ॥ श्री शाकाः १५६९ ॥

कादम्बरी रसं पीत्वा कर्णशुक्तिपुटेन च
जनस्सुखेन निद्राति मत्तमत्तः पदेपदे ॥"

આ ઉપરથી બાણ ભટ્ટના પુત્રનું નામ પુલિન્દ હતું, એમ નક્કી થાય છે. મયૂર બાણનો શ્વશુર અને તેનો સમકાલીન હતો, એમ જણાય છે. કેટલાંક સુભાષિતોમાં બાણ તથા મયૂરનું નામ સાથેજ આવે છે, તેપરથી તેઓ હર્ષસભાશ્રિત સમકાલીન કવિઓ હતા એમ ધારી શકાય છે. આ સિવાય તેના જીવન સંબંધી આપણે કાંઇ વધુ જાણતા નથી, તેથી બાણ કયે સમયે થઇ ગયો, તે હવે જોઇએ.

બાણસમય નિર્ણય.

સમયનિર્ણયમાં પણ હર્ષચરિતજ ઘણું ઉપયોગી થઈ પડે છે. હર્ષને આશ્રય રહેલો વિદ્વજ્જનમંડલના ભૂષણરૂપ બાણનામે દ્વિજ હતો એમ મી. સ્મિથ પોતાના ઇતિહાસમાં જણાવે છે. અને પોતેજ કહે છે કે ત્યાં દર્શાવેલો શ્રી હર્ષ ઐતિહાસીક રાજા છે. તેના સમયમાં જે જે બન્યું તેનું વિસ્તારથી નિવેદન કર્યું છે. વળી આ ઠેકાણે

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust
હુ એન્ ત્સંગે આપેલું ભારતવર્ષનું વર્ણન અને તેણે વર્ણવેલી અહિંની રાજકીય પરિસ્થિતિ ઉપયોગી થાય છે. ઇ. સ. ૬૨૯માં ચીનવાસી બૌદ્ધ યાત્રી હુ એન્ ત્સંગ પોતાના દેશથી નિકલ્યો. પ્રયાગ મહાસભા સમયે તે ત્યાં હાજર હતો. તેને ભ્રમણમાં થએલા સમય ઉપરથી અને પ્રયાગસભામાં તે હાજર હતો, તે ઉપરથી ઇ. સ. ૬૪૨-૪૩ સુધી તે અહિંયા હશે એમ પિટર્સન માને છે. તેના વિષયમાં બે પુસ્તકો વિદ્યમાન છે. તેનો સાર ભાષાન્તર માર્ગે જાણી શકાય છે. તે આ પ્રમાણે છે. તે પર્યટન કરતો હતો ત્યારે ભારતવર્ષમાં એકજ નૃપતિ હતો. જેની રાજધાની કાન્યકુબ્જ (કનોજ)માં હતી. ભારતવર્ષચક્રવર્તી તે રાજાનું નામ "હો-લી-ચા-ફ-ટન્-ન" હતું. તેની પહેલાં તેનો મોટો ભ્રાતા "હો-લો-ચે-ફ-ટન્-ન" રાજપદે હતો. તેને "કાયે-લો-ના-સોપ-લ-ન" પતિ જેનું નામ "ચે-ચંગ-કીયા" હતું, તે દુષ્ટ રાજાએ મળવા માટે આમંત્રણ કરીને કપટથી મારી નાખ્યો. તેઓનો પિતા કે જેને સ્થાને મોટો ભાઇ આવ્યો હતો. તેનું નામ "પો-લો-કીયે-લો-ફ-ટન્-ન" હતું. ઉપર લખેલાં નામ સ્વરસામ્ય (Phonetics) ની પદ્ધતિથી લખેલાં છે, તેના મુળ શબ્દનું સંશોધન મોં. સ્ટેનીસ્લાસ જુલ્યને કર્યું છે. તે આ પ્રમાણે:-

હો—લી—ચા—ફ—ટન્-ન—હર્ષવર્ધન
પો-લો-કિયે-લો-ફ-ટન્-ન—પ્રભાકરવર્ધન[1]
હો—લો—ચે-ફ—ટન્-ન—રાજવર્ધન
ચે—ચંગ—કિયા—શશાંક
કિયે—લો—ના-સોફ—લ-ન—કર્ણસુવર્ણ.

હર્ષચરિતમાં ઉપર લખેલું વર્ણનજ અતિવિસ્તારથી આપેલું છે. દક્ષિણમાં રાજ્યકર્તા રાજાના સૈન્યે શ્રી હર્ષના સૈન્યનો પરાભવ કર્યો તે પણ બાણ અને હુ-એન-ત્સંગ બન્નેએ દર્શાવેલું છે. કાંઇક

૧ ખરી રીતે પ્રકરવર્ધન હોવું જોઇએ. પણ ભુલથી પો-લો-પોને ઠેકાણે પો-લો લખીનું હશે.

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

ભિન્નત્વ છે, તોપણ સામ્ય એટલું બધું છે કે શંકાને માટે અવકાશ નથી. માટે બાણે જેનું વર્ણન આપ્યું છે, તે હર્ષ અને હુ-એન-ત્સંગે વર્ણવેલો હર્ષ એકજ એમ નિશ્ચિત થાય છે. આપણે જાણીએ છીએ કે હુ-એન-ત્સંગ ઇ. સ. ૬૨૯થી ૬૪૧ સુધી અહિં હતો. માટે તેજ હર્ષ સમય અને તેજ કારણથી બાણ સમય હોવો જોઇએ. હવે આપણે બીજા પ્રમાણો જોઇએ. કોઇ પણ કવિના સમય નિર્ણયને માટે કયા કયા કવિઓની કીર્તિ તેણે ગાઇ છે, અને તેની કીર્તિ કયા કયા કવિઓએ ગાઇ છે, તે જોવું જોઇએ. તેણે જેની કીર્તિ ગાઇ હોય, તે તેના સમકાલીન અને ઘણે ભાગે તો તેની પહેલાં થઇ ગએલા હોવા જોઇએ. જેઓએ એનું નામ દર્શાવ્યું છે, તેઓ પણ સમકાલીન અથવા તેની પછી થઇ ગએલા હોવા જોઇએ. પહેલાં તો કયા કયા કવિઓના યશનું ગાન બાણે કર્યું છે, તે આપણે જોઇએ. હર્ષચરિતના આરંભના કેટલાક શ્લોકોમાં તે પ્રખ્યાત કવિઓની નામાવલિ આપે છે,

ત્યાં પ્રથમ વ્યાસને નમસ્કાર કરી કવિ શ્રી ચૌર[1] નામ ગ્રહણ કરી બાણ આખ્યાયિકાકારોનું સ્મરણ કરે છે. તે પછી વાસવદત્તાકાર, ભટ્ટાર હરિચંદ્ર, સાતવાહન, પ્રવરસેન, ભાસ, કાલિદાસ, બૃહત્ કથાકાર, અને આઢ્યરાજનો નિર્દેષ કરે છે. અહિં વાસવદત્તાકાર તે સુબન્ધુ નહિ, અને બાણે દર્શાવેલી વાસવદત્તા તે જુદીજ એમ પિટર્સન કહે છે, એમ શાથી કહે છે તે અહિં પ્રશ્ન થાય છે. એક કથાનો આશ્રય લઇને વિવિધ કથા લેખન તે સમયે પ્રચલિત હતું તેનું ઉદાહરણ રત્નાવલી છે. એની મૂળ કથા બૃહત્ કથામાં આપેલી છે. વળી સુબન્ધુની વાસવદત્તામાં જેવા ગ્રામ્ય અને અતિક્રાન્તમર્યાદ શ્લેષ જોવામાં આવે છે, તે પ્રથમ પ્રસંશા પાત્ર થયા હોય, અને તે પછીથી બાણ અને ભવભૂતિએ વાપરેલા સુરમ્ય ભાષા પ્રયોગ વપરાયા હોય એ અવિશ્વસનીય

---

[1] આ નામધારી કવિ છેજ નહિ એમ પિટર્સન માને છે. કિન્તુ "यस्याश्चौरश्चिकुरनिकुरः" એ જયદેવના પદ ઉપરથી એ નામે કવિ હતો, એમ હું માનું છું.

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust
અને અશ્રદ્ધેય છે એમ પિટર્સન કહે છે. કેટલાક તેજ ગ્રન્થ આ છે, એમ માને છે. ગૌડવહો[1] એ નામના પુસ્તકમાં વાકપતિરાજ ભાસ, કાલિદાસ અને સુબન્ધુનાં નામ લખે છે, પણ બાણનું નથી લખતો. તે ઉપરથી સુબન્ધુ બાણ પહેલાં થયો હશે, એમ તેઓ કહે છે. ભાસનાં પુસ્તકો હવે મળી શકે છે. અને તે કાલિદાસ પહેલાં થઇ ગયો, એ જાણીતું છે. સૂત્રધાર વડે આરંભાયેલાં ભાસ પ્રણીત નાટકો ગ્રીસ દેશના નાટકોના અનુકરણ રૂપે છે, એમ વેબર, પિટર્સન વગેરે કહે છે. ત્યાર પછીના શ્લોકમાં કવિશિરોમણિ કાલિદાસનું વર્ણન આવે છે.

" निर्गतासु न वा कस्य कालिदासस्य सूक्तिषु ।
प्रीति र्मधुर सार्द्रासु मञ्जरीष्विव जायते ॥ "

કાલિદાસ સમય નિઃશંસય જાણી શકાતો નથી. તે ઇ. સ. ના છઠ્ઠા સૈકામાં થઇ ગયો, એવો પણ અભિપ્રાય છે. કિન્તુ હાલના વિદ્વાનો તે પ્રથમ સૈકાની શરૂઆતમાં ઉત્પન્ન થયો, એમ માને છે. અન્તે બૃહત્કથાકાર ગુણાઢ્યનું નામ આવે છે. આઢ્યરાજ કવિનું નામ છે એમ કેટલાક માને છે. જ્યારે બીજા કેટલાક તે વિશેષણજ છે, એમ કહે છે. આ ઉપરથી બાણ આ બધાની પછીજ થઇ ગયો એમ નિઃસંશય જણાય છે. હવે કયા કયા કવિઓએ તેનું નામ લખ્યું છે, તે જોઇએ. બાણ તેમની પહેલાં થઇ ગયેલો એ ખુલ્લુંજ છે. માટે તેનું નામ જે જે પુસ્તકોમાં છે, તે પુસ્તકોનાં નામ તથા તેના ગ્રંથકારનો સમય લખીને વિરમીશું.

(૧) રૂદ્રટકૃત "કાવ્યાલંકાર" ની ટીકા લખનાર નમિસાધુ જેણે એ ટીકા ઇ. સ. ૧૦૬૯ માં લખી હતી, તે હર્ષચરિત અને કાદમ્બરીને કથા અને આખ્યાયિકાના ઉદાહરણ તરીકે આપે છે.

(૨) "याद्यग्गद्यविधौ बाणःपद्यपंथे तादृश" એમ સરસ્વતી કંઠાભરણમાં ભોજ લખે છે. અગીઆરમા સૈકાના બીજા દશકમાં ભોજ થયો. એમ મી. કાણે માને છે.

---

૧ ગૌડવહો—C.O. Prof. Satya Vrat Shastri Collection.

(૩) મુંજસભાસ્તંભ વિજય પ્રશસ્તિમાં " यथा हि महाश्वेतावर्णनावसरे भट्टबाणस्य " એમ તથા " यथा कादम्बर्यां वैशम्पायनस्य " એમ લખે છે. જો મુંજ તે ભોજનો કાકોજ હોય, તો ઇ. સ, ૧૦૦૦ ધનંજય સમય હશે.

(૪) આનંદવર્ધન કૃત ધ્વન્યાલોકમાં " यथा कादम्बर्यां कादम्बरी दर्शनावसरे " " यथा हर्षचरिते ' समवाय इव विरोधिनां पदार्थानां ' " ઇત્યાદિ વાક્ય જોવામાં આવે છે. તે કાશ્મીરાધિપ અવન્તીવર્મસમયે થઇ ગયો, માટે ૯મા સૈકાના ઉત્તરાર્ધમાં બાણની કીર્તિ દિગન્તમાં પ્રસરેલી હતી.

(૫) " अनुकरोति भगवतो नारायणस्यच એમ વામન કાદમ્બરીમાંથી અવતરણ કરીને લખતો હોય એવું લાગે છે. વામન ૮ મા સૈકાના ઉત્તરાર્ધમાં થઇ ગયો એમ કાણે મહાશય માને છે. માટે તે પૂર્વે બાણ સમય હશે.

હું એન્ ત્સંગના વર્ણનના મળતાપણાથી કાંઇ પણ શંકા રહેતી તો નથીજ. જો કાંઇ હોય, તો તે ઉપર જણાવેલા પ્રમાણોથી દુર થાય છે. નલચમ્પૂ અને કીર્તિકૌમુદીના કર્તાઓ બાણનો નિર્દેશ કરે છે. આ ઉપરથી બાણ છઠ્ઠા સૈકાને અન્તે અને સાતમા સૈકાની શરૂઆતમાં થઇ ગયો, એ વાત નિશ્ચિત થાય છે.

બાણ રચિત ગ્રન્થો.

હર્ષચરિત અને કાદમ્બરી એ બે બાણની કીર્તિના મુખ્ય આધાર રૂપ છે એ તો જાણીતુંજ છે, ચણ્ડિકાશતક નામે સ્તોત્ર બાણે રચ્યું છે, એમ કહેવાય છે. દેવી પ્રીણનાર્થ બાણે શ્લોક શતક રચ્યું હોય, તો તે આશ્ચર્યકર નથી. આ વિષયમાં એક લોક કથા પ્રચલિત છે. સુવિખ્યાત હોવાથી તે અહિંયા લખી નથી. બાણપત્નીએ આપેલા શાપદોષનું નિવારણ કરવામાટે મયુરે આ શ્લોક વડે સૂર્યસ્તુતિ કરી.

Digitized by eGangotri Trust
CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

તેની ઇર્ષ્યા ઉત્પન્ન થવાથી બાણે પોતાના બે હાથ કાપી નાંખી ચણ્ડિકાસ્તુતિ કરી તે પાછા મેળવ્યા. આ બધું સંશયાત્મક છે, પણ એમ હોય પણ ખરૂં. અજ્જુનવર્મદેવ પોતે લખેલી અમરૂશતકની ની ટીકામાં નીચે પ્રમાણે લખે છે. " उपनिबद्धं च भट्टबाणेनैवंविधः एव संग्रामप्रस्तावे देव्यास्तद्रंगिभिर्भगवता भर्गेण सह प्रीतिप्रतिपादनायः बहुधा नर्म यथा द्रष्टावासक्त द्रष्टिः" (સાડત્રીસમો શ્લોક)

કેટલાક પાર્વતીપરિણયના કર્તા તરીકે બાણને ગણે છે. તેની પ્રસ્તાવનામાં આ શ્લોક જોવામાં આવે છે.

"अस्ति कविस.र्वभौमो वत्सान्वयजलधिसंभवो बाणः ।

नृत्यति यद्रसनायां वेधोमुखलासिका वाणी ॥ "

કાદમ્બરીકાર બાણ પણ વત્સાન્વયજલધિસંભવ હતો તેથી તેણે પાર્વતીપરિણય લખ્યું હશે એમ કલ્પના થાય છે. પાર્વતીપરિણય ઉત્કૃષ્ટપંક્તિનું નાટક નથી, તોપણ તેમાંય કદી કદી પ્રતિભાવિલાસ જણાઇ આવે છે. કાલિદાસરચિત કુમારસંભવનું અને આ ગ્રન્થનું વસ્તુ સરખુંજ છે. તેથી ભાષા અને વિચાર સામ્ય ખાસ જણાઇ આવે છે. તેથી આ કોઇક ચોર કવિની કૃતિ હશે, એમ કેટલાક માને છે, માહાશય તેલંગ પણ એના કર્ત્તા તરીકે બાણને ગણવાનું સાહસ કરતા નથી. પણ કાલિદાસની ઉક્તિઓ બાણના મનને આનંદિત કરતી હતી, એ આપણે જાણીએ છીએ. [1] આથી વસ્તુસામ્ય હોય ત્યાં ભાષા સામ્ય સ્વાભાવિક છે. " કાદમ્બરી"ની તુલામાં " પાર્વતીપરિણય " પ્રાકૃત લાગે છે, અને તેથીજ તે બાણકૃતિ ન હોય એમ કેટલાક કહે છે. બીજાઓ એમ કહે છે કે જ્યારે તેની બુદ્ધિ પરિપક્વ નહોતી થઇ ત્યારે તેણે તે લખ્યું હતું. " यादृग्गद्यविधौ बाणः पद्यबन्धे न तादृशः " એ ભોજનો મત ઉપર લખ્યોજ છે. કાદમ્બરી અને હર્ષચરિતમાં જે થોડાક શ્લોક આવે છે તેટલા ઉપરથી આવો અભિપ્રાય બાંધ્યો હોય નહિ. માટે બાણે સશ્લોક

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

1 " निर्गतासु न वा कस्य दुःखमेवेदं हृदयान्तिका શ્લોક પરથી.ઉ

Digitized by eGangotri Trust

નાટક લખ્યું હશે, અને તેજ આ પાર્વતી પરિણય એમ મીકાણે માને છે. નલચમ્પૂના ટીકાકાર ચણ્ડપાલ અને ગુણવિજયગુણી બાણે રચેલું મુકુટતાડિતક નામનું નાટક છે, એમ કહે છે. [૧]

ક્ષેમેન્દ્ર ઔચિત્યવિચારચર્ચામાં બાણનો ગણીને એક શ્લોક આપે છે. તે આ પ્રમાણે છે.

"हारो जलार्द्रवसनं नलिनीदलानि
प्रालेयशीकरमुचस्तुहिनांशुभासः ।
यस्येन्धनानि सरसानि च चन्दनानि
निर्वाणमेष्यति कथं स मनोभवाग्निः ॥

अत्र विप्रलम्भभर भग्न धैर्याया कादम्बर्या विरहव्यथा वर्णना वसरे".....ઇત્યાદિ આ ઉપરથી ક્ષેમેન્દ્રનાં મત પ્રમાણે બાણે પદ્યમાં પણ કાદમ્બરી રચી હશે, એમ અનુમાન થાય છે. શ્રી હર્ષ પાસેથી બાણને ધન મળ્યું હતું એમ કાવ્યપ્રકાશ ઉપરથી જણાય છે. કેટલાક પ્રમાણભૂત વિદ્વાનો આ ઉપરથી એમ માને છે, કે રત્નાવલી બાણે રચી હશે, પણ શ્રી હર્ષે ધન આપવાથી તેના નામે પ્રકટ કરેલી. આ અભિપ્રાય ભૂલ ભરેલો છે. એમ શાથી એ વિચાર થશે. પહેલાં તો શ્રી હર્ષદેવ રચિત ત્રણ ગ્રંથ રત્નાવલી, પ્રિયદર્શિકા અને નાગાનન્દ વિખ્યાત છે. ઘણે ભાગે તેમની પ્રસ્તાવના સંપૂર્ણ રીતે મળતી જણાય છે. જો લેખકો જુદા હોય, તો પ્રસ્તાવનાનું મળતાપણું સહેલાઇથી સમજાવી શકાય એમ નથી. નાગાનન્દ અને પ્રિયદર્શિકા બાણ કૃતિઓ છે, એમ કોઇજ કહેતું નથી તો પછી રત્નાવલી બાણ કૃતિ શી રીતે? બીજો કોઇપણ સંસ્કૃત લેખક રત્નાવલી બાણરચિતા છે, એવું સૂચન પણ કરતો નથી માટે આ મત ખોટો લાગે છે.

---

૧ "यदाह मुकुटताडितके बाणः
आशाः प्रोषितदिग्गजा इव गुहाः प्रध्वस्तसिंहा इव
द्रोण्यः कृत्तमहाद्रुमा इव भुवः प्रोत्खात शैला इव ।
बिभ्राणाः क्षयकालरिक्तसकलत्रैलोक्य कष्टां दशां
जाताः क्षोणमहीपा कुपतदेवस्य शून्याः सभाः ॥

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

" रजोजुषो जन्मनि सत्ववृत्तये " ઇત્યાદિ કાદમ્બરીમંગળ શ્લોક બાણે રચેલા નથી, પણ તેના પુત્ર અથવા બીજા કોઇએ રચેલા છે, એમ પિટર્સન વગરે કેટલાક કહે છે. હું આ મતને મળતો થતો નથી કારણકે બાણ જેવો પ્રાચીન કવિ મંગળ વાક્ય વિના ગ્રન્થારંભ કરે, તે અશ્રદ્ધેય છે. ક્ષેમેન્દ્ર આ શ્લોકમાંથી કેટલાકને લઇને, તે બાણે રચેલા છે, એમ કહે છે. વળી જો બાણ સિવાય બીજો કોઇજ લેખક હોય, તો તે

द्विजेन तेनाक्षतकण्ठकौण्ठ्यया महामनोमोहलीमसान्धया ।
अलब्धवैदग्ध्यविलासमुग्धया धिया निबद्धेयमतिद्वयी कथा ।

એ શ્લોકમાં દ્વિજેન તેન એવા નિર્ગૌરવ શબ્દ ન વાપરે. તેનો પુત્ર સ્વગ્રન્થારંભે " वागीश्वरं पितरमेव " " गद्ये कृतेऽपि गुरुणा तु तथाक्षराणि यन्निर्गतानि पितुरेव समेऽनुभावः " " कादम्बरीरसभरेण समस्त एव मत्तो न किंचिदपि चेतयते जनोऽयम् " ઇત્યાદિ શ્લાઘા વાક્યથી તેનું વર્ણન કરે છે. તે બીજા કવિઓનો પણ માનનીય અને પૂજ્ય હતો. આ ઉપરથી આ શ્લોકો બાણ રચિત છે, એમ સિદ્ધ થાય છે. તેના લખેલા ગ્રન્થો વિષે આપણે ઉચિત વર્ણન કર્યું છે. હવે તે સંબંધી વિદ્વાન જનોના અભિપ્રાયો જોઇ ગુણ દોષ વર્ણન કરીશું.

મહાકવિ બાણ; તેના ગુણ દોષનું વર્ણન અને કાદમ્બરી પરીક્ષા.

કાદમ્બરી કથા અનેક કારણોથી રસોત્પાદન કરેછે. પ્રાચીન સમયે શુદ્ધ ગદ્ય કેવા પ્રકારનું હતું, એનું એ પ્રમાણભૂત દૃષ્ટાંત છે. અદ્ભુત કથા તરીકે લાંબા વખતથી એ સર્વે સંમાનિત છે. સંસ્કૃત સાહિત્યમાં જે થોડાક ગ્રન્થોનો કાલનિર્ણય થઇ શકે છે, તેમાંની એ એક છે. તેથી ભારતવર્ષીય સાહિત્ય વિચારશૈલી અને ઇતીહાસસીમા-સ્તંભ તરીકે ઉપયોગી થઇ પડે છે (મીસ રીડીન્ગ) [1]

---

[1] આ અતિ બુદ્ધિમતી વિદુષીએ અંગ્રેજીમાં કાદમ્બરીનું ભાષાન્તર કર્યું છે તે ધી રોયલ એશીયાટીક સોસાઇટીએ છપાવી પ્રસિદ્ધ કર્યું છે.

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

सुबन्धुर्बाणभट्टश्च कविराज इति त्रयः ।
वक्रोक्तिमार्गनिपुणाश्चतुर्थो विद्यते न वा ॥

આ રીતે રાઘવપાણ્ડવીયકાર કવિરાજ પોતાને અને બાણને વખાણે છે. પ્રાચીન પંડિતો શ્લેષ રચનાને ગ્રન્થાલંકાર માનતા હતા. અર્વાચીન વિદ્વાનો એ મતને મળતા થતા નથી. પિટર્સન પોતાનો મત નીચે પ્રમાણે પ્રકટ કરેછે. આ ગ્રન્થ શબ્દોનો બાહ્યાર્થ ગ્રહણ કરવાથી કલેશ તથા શ્રમ આપે, એવા વિભાગોથી ભરપૂર છે. ગૂઢાર્થ શોધવાનું વાચકને રૂચિકર થઇ પડતું નથી. નૈસર્ગિક લાગતા કિન્તુ બળથી રચેલા કૃત્રિમ શ્લેષ સાહિત્યમાં ક્ષતિકર થઇ પડે છે. વિદ્યારૂપી કુંજના છુપા માર્ગ વાપરનારા અન્ય ગ્રંથકારો પેઠે બાણ પણ ભાષા કોશના ગૂઢાર્થનો ઉપયોગ કરે છે. પરિણામે લાંબા વાક્યસમૂહમાં તેની સાથે ચાલતાં વાક્યનો અર્થ જાણે મૂર્છા પામે છે. સાધારણ અર્થ પણ કોઇ કોઇ સમયે દુર્બોધ થઇ પડે છે; અને પ્રાકૃત પાઠક ગૂઢાર્થ ટીકા વિના સમજી શકતો નથી.

"અતિવૈદગ્ધ્ય, પુનરૂક્તિ અને શબ્દોનાં ઘણાં વિશેષણો લગાડવાથી આ ગ્રન્થ ઘૃણા ઉપજાવે છે. કથા અર્થહીન ભપકાદાર શબ્દસમૂહપૂર્ણ હોઇ જાણે દોડે છે, તેમ કરતાં કથારસ અને તે નહિ તો વાંચકગણનું ધૈર્ય નષ્ટપ્રાય થાય છે. દશકુમારમાં જોવામાં આવતી એક ટેવ અહિંયાં બહુજ મોટા પ્રમાણમાં દેખાય છે. ક્રિયાપદ બીજા અથવા ત્રીજા પાનમાં દેખાય છે; એક વખત તો છઠ્ઠા પાન સુધી દેખાતુંજ નથી; અને વચ્ચેનો ભાગ વિશેષણો અને વિશેષણનાં વિશેષણોથી ભરવામાં આવે છે. તેમાં વળી ઘણી લીટીઓ ભરાય એવા લાંબા સમાસ જોવામાં આવે છે. બહુ શું કહેવું ? બાણનું ગદ્ય તે દેશના જંગલ જેવું છે, જેમાં પાઠકગણ પોતેજ માર્ગ ન કરે ત્યાં સુધી તે રોકાઇ રહે છે. ત્યાં પણ અજ્ઞાત શબ્દસમૂહ રૂપ હિંસક વનપશુઓ તેને ભય પમાડે છે. [1]" આવા કલંક નૈસર્ગિક પ્રતિભાને મલિન કરે છે. પણ તેનો નાશ કરી શકતા

[1] વેબર

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

નથી. બાણ શ્લેષનો અલંકાર માટેજ ઉપયોગ કરે છે. શ્લેષસહિત કથાઓ ચંપકકલિકા વાળી મલ્લિકામાલા જેવી છે, એવું બાણ જાતેજ બીજી જગ્યાએ કહે છે, એમ મીસ રીડીંગના લેખમાં છે. સુબન્ધુએ વાસવદત્તામાં તેમજ બાણે કાદમ્બરીમાં શ્લેષનો ઉપયોગ કર્યો છે, પણ બાણ શ્લેષાધીન થઇ અર્થહાનિ કરતો નથી. તે તો તેમને કોઇ કોઇ વખતજ આભૂષણ સ્થાને અને વર્ણનને અન્તેજ વાપરે છે. તેના શ્લેષ ટુંકા, ચાલુ વિષય સંબંધી, પ્રસન્ન કરે એવા, અને શ્રમ ન આપે એવા છે. વળી અન્તે ચમત્કાર દર્શાવીને વિનોદ આપે છે. દરેક શબ્દમાં શ્લેષવાળા ગ્રન્થની રચના કરનાર સુબન્ધુમાં તો વક્રોક્તિની અવધિજ છે. વળી તે ક્લિષ્ટત્વ, ગ્રામ્યત્વ આદિ દોષથી ભરપૂર છે. તેના ટીકાકાર શિવરામ ત્રિપાઠીએ શ્લોકોને વિવિધ રીતે લઇને અને એકાક્ષરી કોશની સહાયથી ૧૫-૧૬ અર્થ બતાવ્યા છે. બાણમાં આ જોવામાં નથી આવતું એ સંતોષજનક છે. અંગ્રેજી સાહિત્યમાં શ્લેષ જોવામાં આવતા નથી. તેથી ત્યાંના લોકો અપરિચિત હોવાથી તેમને દોષ તરીકે માને છે પણ ભારતવાસીઓ પરિચિત હોવાથી તેમને આભૂષણ સ્થાને માને છે. કવિરાજ વક્રોક્તિમાર્ગ નિપૂણ તરીકે પોતાનાં વખાણ કરેછે. માટે યુરોપના ટીકાકારોની દૃષ્ટિએ આ કલંક ભલે હોય પણ અમારા મતથી તો એજ સૌન્દર્યમાં વધારો કરે છે.

પિટર્સન બીજો એક દોષ કાઢે છે. અરેબીઅન નાઇટ્સમાં અને પંચતંત્ર તથા હિતોપદેશમાં જે જાતની રચના જોવામાં આવે છે, તેવી રચના પૂર્વના સર્વ દેશના સાહિત્યમાં સામાન્ય છે. ત્યાં એક મૂખ્ય કથાની અંદર ઘણી નાની કથાઓની ફુલગુંથણી હોય છે. આથી બહુવાર મૂળકથા બાજુપર રહી જવાથી તે લૂપ્તપ્રાય થઇ જાય છે. આ દોષ સંસ્કૃત સાહિત્યમાં પણ પ્રચલિત છે. અરેબીઅન નાઇટ્સમાં શરૂઆતમાં નાયિકાની અવસ્થા જોઇને આપણે તેના પ્રતિ અનુકમ્પાવાળા થઇએ છીએ. જેમ જેમ વસ્તુ વિકાસ પામે છે, તેમ તેમ આપણે તેના ભાવિ તરફ બેદરકાર થઇએ છીએ. અન્તે મૂળ કથા

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust
પાછી આવે છે ત્યારે નીરસ થઇ પડે છે કારણકે તે આકસ્મિક અને નિષ્પ્રયોજન લાગે છે. તેજ પ્રમાણે અહિંયાં પણ છે. આ રચના જો ઉપકથાઓજ મૂખ્ય સ્થાનને યોગ્ય હોય તો સારી છે. પણ બાણે એ પ્રેમીઓના આખ્યાનમાં તેનો ઉપયોગ કર્યો છે, તેથી અસ્થાને છે. પાત્ર પુનર્જન્મથી સંબંધવાળાં છે, તેથીજ બાણની કથા સુસંકલિત અને અનુભવછાયા સહિત લાગે છે. કોઇ પણ પાન ઉઘાડીએ તો તેમાં લખેલા શબ્દો કોના બોલેલા હશે, તે આપણે જાણી શકતા નથી. પોપટે શુદ્રકની સભામાં કહેલી, જાબાલિએ પોપટની પાસે કહેલી, ચંદ્રાપીડકથાના, મહાશ્વેતાએ કહેલા, કપિંજલે પુણ્ડરીકને આપેલા ઉપદેશમાંના શબ્દોજ હોય. આ બધી કથાની ગુંચવણી કોઇ પણ વાચક ધ્યાનમાં રાખી શકતો નથી. થોડાં પાન ગયા પછી ગ્રન્થકાર પણ એમ કરવાનો વૃથા શ્રમ પણ કરતો નથી. વાચક પણ એમ માને છે કે પોતે કવિએ કહેલી ચન્દ્રાપીડકથા વાંચે છે અને નહિ કે પોપટે કહેલી. ગ્રન્થને અન્તે પોપટની અને જાબાલિની કથાની પૂર્ણાહુતિ વાંચતાં આપણું મન સ્મરણ શક્તિની ખામી માટે અપરાધી બને છે. કાર્ય સ્થાન અને સમયનું ઐક્ય, કથાનો અન્ત અને આરંભ શૂદ્રક સભામાં લાવવાથી પાર પડી શકે છે પણ તે લઘુજીવી છે અને તેની અસારતા અન્તે શૂદ્રકને જે રીતે દુર કરવામાં આવે છે, તે તે ઉપરથી જણાઇ આવે છે. યોગ્ય વિભાગ પાડવાની વિવેક શક્તિ બાણમાં ન હતી એમ કેટલાક કહે છે. વર્ણન બહુ સૂક્ષ્મ રીતે આપવાથી વાચકવૃન્દ ગભરાઇ જાય છે. ઉદાહરણાર્થે વૃદ્ધદ્રવીડ વર્ણન અતિવિસ્તારવાળું અને પરિશ્રમ આપે એવું છે. પ્રભાત અને સન્ધ્યાનું વર્ણન આપવામાં એક ચિત્ત થઇને અથવા નાયિકાના અવયવનું વર્ણન કરવામાં ગુંથાઇ જઇને ગ્રન્થકાર વસ્તુ પ્રતિ ઉદાસીન થઇ જતો લાગે છે, તોપણ પ્રત્યેક ઉપકથા મૂળ વસ્તુ વિકાસ માટે ઉપયોગી થઇ પડે છે. કથા સાંભળનાર શૂદ્રક જાતેજ કથા નાયક છે, તેના પ્રેમના ઉદ્દીપન માટે કથા શ્રવણ આવશ્યક છે તે સાંભળવાથીજ

" जन्मनि [illegible] हृदयवेदनामनुभूय जीवित-

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

मुत्स्यक्ष्यसि।" એ શાપ ખરો પડે છે. બીજા જન્મમાં પણ તે વિરહાનલદગ્ધ થઇને પ્રાણ ત્યજે છે. આ બધું કથાને અન્તેજ જાણવામાં આવે છે અને એજ વસ્તુ રચનામાં બાણનું ચાતુર્ય સૂચવે છે એમ મીસ રીડીંગ લખે છે,

પહેલેથીજ તે વસ્તુના મધ્ય ભાગમાં ઝંપલાવે છે. અને જેમ જેમ વસ્તુવિકાસ થાય છે, તેમ તેમ પૂર્વવૃત્તાન્તથી પાઠકગણને મોહ પમાડે છે. આ રીતથી એક લક્ષ્યકાર્ય તે સાધી શકે છે. આખી કથા જુદાં જુદાં ઉપાખ્યાનથી બનેલી છે. એ સંતાડીને એક બીજા સાથે સંબંધ ધરાવતા વિભાગ વાળી એકજ કથા છે, એમ બતાવીને રસવૃદ્ધિ કરવામાં તેનો પ્રયત્ન સફળ થાય છે. એક કાંઠે ગ્રન્થ-સાગરમાં પ્રવેશ કરી થોડોક સમય દૃષ્ટિમાં રહી શૂદ્રક વચ્ચેજ તેની અંદર ડુબી જાય છે અને એકદમજ સમૂદ્રને બીજે કાંઠે ઉભેલો નજરે પડે છે, આ નીરસતા ઉત્પન્ન કરે છે એમ કેટલાક માને છે. તેઓ પણ એટલું તો કબુલ કરે છેજ કે કાર્યનું ઐક્ય સાધવાનો બીજો ઉપાય નથી. કથાનો મોટો ભાગ પોપટને મોઢેથી બોલાયલો છે. તે પણ કલંક છે અને તેનાથી કથાની નિસર્ગતામાં વાંધો આવે છે. દન્તકથાના સાહિત્યમાંથી વિચાર લેતાં ને બીજી મૂળ કથાને અનુસરવા જતાં આગલી કથાની સામગ્રી પોતાની કથાને યોગ્ય તેણે બનાવી નથી, એમ પિટર્સનનો મત છે. પોપટે કરેલો કથાનો આરંભ કવિના ચાતુર્યને શોભા આપે એવો છે. પણ નિરાશ થએલી મહાશ્વેતાના વિષાદનું વર્ણન અને કાદમ્બરીના અભિનવ મન્મથ વિકારનું વર્ણન એક પોપટના મોઢે બોલાએલું છે. એ જો વાંચકને યાદ રહ્યું હોય, તો તેની શી અવસ્થા થાય તેની મનથીજ કલ્પના કરો લેવી. સારે નસીબે એ વાતની તેને સ્મૃતિ રહેતી નથી.

મુખ્ય ઘટનામાં કાદમ્બરીની કથા તદ્દન નવી નથી. બાણની શક્તિતો મૂળ કથામાં તેણે જે ફેરફાર કીધા છે તે ઉપરથી જણાય છે. ગુણાઢ્યની બૃહત્ કથા બાણને જાણીતી હતી એમ હર્ષચરિતની પ્રસ્તાવનાના

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

શ્લોકો ઉપરથી અનુમાન થાય છે.[1] તે બાણને આનન્દ આપતી હતી એમ પણ જણાય છે. સોમદત્ત કથાસરિત્સાગરમાં અને ક્ષેમેન્દ્ર પોતાના ગ્રન્થમાં તેમનાં પુસ્તકો ગુણાઢ્ય રચિત બૃહત્કથાનાં ભાષાન્તરો છે એમ કહેછે. વસ્તુ સામ્યવાળી એક કથા કથાસરિત્સાગરમાં છે. જો કે સોમદેવ બાણની પછી થઇ ગયો, તોપણ મૂળ વસ્તુ ગુણાઢ્યના ગ્રન્થમાંથી લીધું હોય એમ કેટલાક માને છે. બીજા કેટલાક એમ કહે છે કે જન સમૂહમાં પ્રચલિત કથામાંની એકનો બાણે થોડા ફેરફાર સાથે ઉપયોગ કર્યો અને તેનોજ સંગ્રહ ગુણાઢ્યે પોતાના ગ્રન્થમાં કર્યો. તેથી વસ્તુસામ્ય છે. આખી કથા બહુ લાંબી હોવાથી અહિં આપી નથી. શક્તિયશાના પ્રેમથી પરવશ થએલો વિદૂષકચિત્ત રાજા નરવાહન પોતાના પ્રધાનને મોઢેથી એક કથા સાંભળે છે. તે વાર્તાનો આરંભ કાદમ્બરીની પેઠેજ થાયછે અને વસ્તુસંકલના પણ તેવીજ છે. ચંદ્રપીડ (સોમપ્રભ) અચ્છોદથી પાછો ફરેછે, ત્યાં સુધી કાંઇજ ફેર નથી ત્યાર પછી બાણે ઘણો ફેરફાર કર્યો છે. તે મૂળ કથાનો અન્તભાગ વાંચવાથી જણાશે.[2]

જગદુન્માદક કાદમ્બરી વૃત્તાન્ત મૂળ વાર્તાથી ભિન્ન શાથી છે. એવો પ્રશ્નજ ન હોઇ શકે. પ્રતિભાશાલી પુરૂષો મૂળ રૂપમાં મનોરમ ફેરફારો કરે છે કે જેવા કાલિદાસે મહાભારતમાંના શકુન્તલાઆખ્યાનમાં કર્યા છે. ગુણાઢ્ય સમય નિશ્ચિત નથી. તોપણ એટલું તો નક્કીજ છે કે તે બાણનો પૂર્વજ અથવા તેનો સમકાલીન હશે. બાણની બુદ્ધિના પ્રભાવે નિર્માંસ અસ્થિપંજરમાં પ્રાણ મુકીને તેને સુમનોહર બનાવ્યું છે. મૂળકથા પ્રમાણે નાયિકા અથવા તેનાં માતા પિતા કાદમ્બરીમાં નીચ જાતિમાં જન્મ પામતાં નથી તે બાણનું ચાતુર્ય બતાવી આપે છે.

---

૧ समुद्दीपितकन्दर्पा कृतगौरीप्रसाधना ।
हरलीलेव नो कस्य विस्मयाय बृहत्कथा ॥ (हर्षचरित)

૨ વિસ્તાર ભયથી તે અહિં આપ્યો નથી. જીજ્ઞાસુએ પિટર્સનની કાદમ્બરીની પ્રસ્તાવનાનાં પાના ૯૪–૯૫ જોવાં. પાત્રનાં નામમાં કરેલો ફેરફાર પરિશિષ્ટમાં આપ્યો છે.

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

ગ્રન્થારંભમાં સઘળાં પાત્રને ઘણી ખુબીથી એકઠાં આણ્યાં છે. પક્ષિજીવન, તપસ્વિજીવન અને સભાજીવન, એક બીજાના વિરોધથી શોભી ઉઠે તેમ સુન્દર રીતે આલેખ્યાં છે. ક્યાં પક્ષી અને ઋષિઓનું શાંત જીવન ! અને ક્યાં કોલાહલ પૂર્ણ નગરજીવન ! તેનો ભેદ બાણે સારી રીતે બતાવ્યો છે. મહાશ્વેતાના પ્રેમની વાર્તા નાયિકાના પ્રવેશને માટે અને તેના વ્યાઘાતાર્થે સારી રીતે ગોઠવી છે. બે સાથે ચાલતી વાર્તાઓને સાંધી રાખવી અને તેમનો સંબંધ મેળવવો તેજ રચનામાં કવિનું ચાતુર્ય પ્રગટ કરે છે. તેનાં પાત્રો ખાસ લક્ષણવાળાં છે અને તેવાંજ રહે છે. સૂક્ષ્મ ભેદવાળાં હોઇને તેઓ જાણે જીવતાં હોય તેમ એક બીજાથી છુટાં થઇ પડી આવે છે. જોકે તેનું પાત્ર નિરૂપણ અતિ વિસ્તારવાળું છે, તોપણ છાયા પેઠે ઉભેલા શૂદ્રક સિવાય સર્વ પાત્રો સચેતન લાગે છે. ઉદાર મનવાળો તારાપીડ, પ્રેમપૂર્ણ વિલાસવતી, પ્રજ્ઞ શુકનાસ અને વિશ્વાસ પાત્ર પત્રલેખા, એ પાત્રો આપણા પર અસર કરે છે આથી પાત્રની કલ્પનામાં અને આલેખનમાં બાણનો શ્રમ સફળ થયો છે એમ હું માનું છું.

કાદમ્બરીના વર્ણનમાં બાણે પોતાનું સઘળું કૌશલ્ય વાપર્યું છે, અને તેની અવલોકનશક્તિ રૂપી સમુદ્રનો પુરેપુરો ઉપયોગ કરી નાખ્યો છે. ઉપમા અને ઉત્પ્રેક્ષાનો સમૂહ ખાલી કરી નાખ્યો છે. મનના ભાવો પુરેપુરા વાપર્યા છે. તેના મનના ભાવો બહુ સૂક્ષ્મ રીતે વર્ણવેલા છે. કાદમ્બરી પ્રવેશમાં ઘણો વિલમ્બ કર્યો છે, એટલો રચના દોષ છે, પણ ત્યાંથી તે સમાપ્તિ સુધી, તે કોઇપણ વખત દૃષ્ટિ બહાર જતી નથી. નાયિકાનો પ્રવેશ કરાવી પછીથી તેને દુર રાખવી એ સારૂં નહિ એમ કવિનો મત હશે. તેનું પહેલું સંભાષણ મહાનુભાવતા, અનુકંપા, સુશીલતા, સખિજનવાત્સલ્ય, વાક્પટુતા ઇત્યાદિ ગુણોને બતાવી આવે છે. પ્રેમપરવશ કાદમ્બરીનું વર્ણન પાઠકગણના હૃદય પર ઉંડી અસર કરી તેને કાદમ્બરીરસમત્ત કરે છે. ચન્દ્રાપીડ વીર, ધીર, વિનીત, ચતુર, અનુરક્ત નાયક છે. અવિનયનો પરાજય એજ ગ્રન્થનું તાત્પર્ય [illegible] (પુણ્ડરીક) ની

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

અધોગતિથી જણાય છે. તે સમયના કવિમાં સામાન્ય એવા ગ્રામ્યત્વ, પ્રાકૃતત્વ, અશ્લીલત્વ, વગેરે દોષો બાણના પુસ્તકમાં દેખાતા નથી. એકાદ પદ અથવા કોઇ કોઇ સ્થળે શબ્દના અર્થ વૈચિત્ર્યથી મન હરણ કરે એવું વાક્ય કર્ણને અપ્રિય થઇ પડે છે. આ પુસ્તક શૃંગાર રસ પ્રાધાન્ય હોવા છતાં વિષય ઉત્પાદક નથી. તેની લેખન પદ્ધતિ સુકુમાર અને સુન્દર છે. તેનું મન કલ્પનામાં અતિકુશળ અને સામાન્ય વસ્તુઓના અવલોકનમાં પણ ચપળ છે. દાખલા તરીકે ચણ્ડિકાના દેવળનું વર્ણન અને વૃદ્ધ દ્રવિડનું વર્ણન. વૃદ્ધ દ્રવિડ વર્ણન તો એટલા બધા સૂક્ષ્મપણથી આપ્યું છે કે તે કોઇ કોઈ વખત ઘૃણા ઉત્પન્ન કરે છે. પણ સંપૂર્ણ પ્રતિબિંબ પાડવામાં તેનો શ્રમ સફળ થયો છે, પ્રવૃત્તિજીવન અને નિવૃત્તિજીવન ઘણી કુશળતાથી આલેખ્યાં છે. જાબાલિના આશ્રમના વર્ણનમાં અને મહાશ્વેતાના એકાન્તવાસ નિરૂપણમાં તે ઉત્કૃષ્ટ નથી એમ પિટર્સન કહે છે. કદાચ યુરોપના લોકો આવી બાબતોનો મર્મ સમજી શકતા નથી. જનસ્વભાવ અને તેમના મનના ભાવ બહુ કુશળતાથી અને હોય તેવાજ વર્ણવ્યા છે. આ ગ્રન્થ લખાયો તે સમયે જે વિચાર શૈલી પ્રચલિત અને લોકમાન્ય હતી, તે સર્વ બતાવનાર તરીકે કાદમ્બરી ઉપયોગી થાય છે. મુનિઓના શાન્ત ઉદ્યમમય જીવનનું વર્ણન મનોવેધક છે. ચન્દ્રાપીડ દિગ્વિજય માટે પ્રસ્થાન કરે છે,તે સમયનો શુકનાસનો ઉપદેશ અપ્રિતમ છે. તે કથા વિભાગ તરીકેજ નહિ પણ સર્વ સામાન્ય ઉપદેશ તરીકે કવિએ લખ્યો છે. તેણે આપેલું વનવર્ણન નિઃસત્વ અને બહુ રસપૂર્ણ નથી. પણ કુદરતની રમણીય વસ્તુઓ પરત્વે બાણની રસજ્ઞતા તેમાંજ જણાઇ આવે છે, અલંકાર શાસ્ત્રીઓએ કવિઓ વડે વપરાતા ઉપમા ઉત્પ્રેક્ષા વિગેરે અલંકારોને એકેએક લખીને જ્યારે નીરસ નહિ કરી નાખ્યા હોય, ત્યારે બાણે પોતાનો ગ્રન્થ રચ્યો હશે. બાણના શબ્દ નવીન ઓજસ્ અને પ્રશંસાતિશયથી ભરપૂર છે.

અલૌકિક પાત્ર પ્રવેશ સ્વાભાવિકતાનો નાશ કરે છે. તેને પાછી લાવવામાં બાણનું સમર્થ કૌશલ્ય પણ સુખદ થતું નથી. જેમ જેમ

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

કથા પ્રવાહ આગળ જાય છે, તેમ તેમ માનુષી શોક અને દેવી આશ્વાસનવાળી કથા આપણી નજરે પડે છે. ત્યાંપણ મૃત્યુ, અનુમૃત્યુ, સંયોગ, આશાબંધન, વગેરે સામાન્ય અનુભવ અતિ સુંદર રીતે આલેખ્યા છે. પાત્ર સમુદાય વર્ણન કાવ્ય પેઠે દેવાંશી છે અને રસ-નિરૂપણ તેના જેવુંજ છે, એમ પિટર્સન કહે છે. પ્રતિભાશાલી પુરૂષ રત્નો જે પ્રકારનું સાહિત્ય લખે છે, જે સાંભળવાનું સર્વજનો ઇચ્છે છે અને જે અતિ વિરલ છે, તેવા સાહિત્યમાં કાદમ્બરી લાંબા વખત સુધી પ્રથમ પંક્તિએ રહેશે. " गद्यं कविनां निकषं वदन्ति " એમ કહેનારે સત્યજ કહ્યું છે. ગદ્યમાં કવિની પરીક્ષાને માટે જેવો સારો અવકાશ છે, તેવો પદ્યમાં નથી. ત્યાં તો પદ્ય મેળ માટે આમ કર્યું હશે, એવો બચાવ કરી શકાય. પણ ગદ્યમાં તેમ થાય નહિ. તેથી કવિની પરીક્ષા કરવા ઇચ્છનારે તેના ગદ્યનીજ પરીક્ષા કરવી. ગદ્યમાં પણ પાંચાલી રીતિ સર્વોત્કૃષ્ટ મનાય છે.

शब्दार्थयोः समोगुम्फः पाञ्चालीरीतिरिष्यते ।
शीलाभट्टारिकावाचि बाणोक्तिषु च सा यदि ॥

આ ઉપરથી જણાયછે કે બાણનું ગદ્ય પાંચાલી રીતિમાં લખાયલા બીજા સર્વે ગ્રન્થો કરતાં પણ ચઢતું છે " ओजःसमासभूयस्त्व-मेतद्गद्यस्य जीवितम् ।" એમ કાવ્યાદર્શમાં દણ્ડિન્ કહે છે. ઓજસ્ તથા સમાસબાહુલ્યમાં બાણ અપ્રતિમ છે એ નિર્વિવાદ છે. આ ઉપરથી જણાશે કે સંસ્કૃત ટીકાકારોના મત પ્રમાણે બાણનું ગદ્ય સર્વોત્કૃષ્ટ અને અનુકરણીય છે. મહાકવિ શેકસપીયરની પેઠે તે પણ નાયકનિરૂપણ કરતાં નાયિકાનિરૂપણમાં વધુ કુશળ છે, એમ પણ કેટલાક કહે છે. અલંકાર શાસ્ત્રની એડીઓ હોવા છતાં પણ તેની ભાષા શૈલી વિવિધ પ્રકારની જણાય છે. તેની લેખનપદ્ધતિ અકર્કશ અને વિલાસવતી છે. ટુંકાં વાક્ય લખવામાં તેમજ લાંબાં વાક્ય ગુંથવામાં તેની શક્તિ સરખીજ છે. તેનું ગદ્ય પ્રભાવશાળી છે. દાખલા તરીકે મહાશ્વેતા દર્શન સમયે કપિંજલે પુણ્ડરીકને આપેલો ઉપદેશ છે. તેનું ગદ્ય અલંકારયુક્ત અને કવિમનોરથસૃષ્ટિવાળું છે.

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

ઉપમા ઉત્પ્રેક્ષા વગેરે પદે પદે જોવામાં આવે છે. દીપક સહોક્તિ વિરોધ નિદર્શના વિષમ આદિ અલંકારોની ખોટ નથી. કાદમ્બરી વગેરેમાં આપેલાં વર્ણનો છેકજ કલ્પિત નથી. કારણકે હુ એન્ ત્સંગે કરેલા વર્ણનથી અને સ્મિથકૃત પ્રાચીન ભારતના ઇતિહાસ ઉપરથી જણાય છે કે તેવું સર્વ શ્રીહર્ષસભામાં હતુંજ. તારાપીડની સભા અને નગરનું વર્ણન, ચન્દ્રાપીડના દિગ્વિજયનું વર્ણન, શ્રી હર્ષના તે તે વિષયના વર્ણનની પ્રતિકૃતિ રૂપેજ હશે, એમ લાગે છે. ઉદાહરણ તરીકે સ્મિથ એમ કહે છે કે શ્રી હર્ષના સૈન્યમાં ૬૦૦૦૦ હાથી અને ૧૦૦૦૦૦ ઘોડા હતા, તેથી એમ માની શકાય છે કે ચન્દ્રાપીડ દિગ્વિજય માટે નિકળે છે તે સમયનું બાણે લખેલું વર્ણન તેણે નજરે જોઇનેજ લખ્યું હશે. સ્થળસંકોચને લીધે બધેજ સ્મિથનું પ્રમાણ આપ્યું નથી. માતાના મરણ પછી શુકશિશુનું તેના પિતાએ કરેલું પાલન બાણે પોતાના નાનપણના અનુભવ ઉપરથી લખ્યું હશે.

શ્રી હર્ષચરિતની અંગ્રેજી ભાષાન્તરની પ્રસ્તાવનામાં મી. કાવેલ આમ લખે છે. તેની પ્રીતિ માત્ર ગહન વિષય ઉપરજ નહોતી, સુંદર અને મનોવેધક શોધવાની અને ગ્રહણ કરવાની શક્તિ તેનામાં હતી. સમકાલીન સ્ત્રી પુરૂષો તરફ સમભાવવાળો હતો. એપોલોનીયસ રૂહોડીયસની પેઠે તે કવિ હતો એટલુંજ નહિ પણ વૈયાકરણ[1] પણ હતો.

આ પ્રમાણે બાણના ગુણદોષ આપણે જોયા. તેણે રચેલી કાદમ્બરીની લોકપ્રિયતા સિદ્ધ કરવા માટે એકજ ઉદાહરણ આપીશું. ચત્તરજી નામના બંગાળી વિદ્વાને ઈ. સ. ૧૮૭૧માં દુર્ગેશનન્દિની નામે ઐતિહાસીક નવલકથા લખી છે. તેમાં અકબરના સમયનું વર્ણન છે. ત્યાં કથાનાયિકા પોતાના અંતર્ગૃહમાં કાદમ્બરી વાંચવામાં ગુંથાઇ હતી એમ લખ્યું છે. બાણમાં ગુણ પણ છે, તેમજ દોષ પણ છે. આ સંસારમાં કયો માણસ દોષ રહિત છે? પણ "एको हि दोषो गुणसन्निपाते निमज्जतीन्दोः किरणेष्विवाङ्कः" એ કાલિદાસની ઉક્તિ

---

૧ તેનું વ્યાકરણ જ્ઞાન અગાધ હતું એમ જણાય છે.

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

પ્રમાણે તેના દોષ ક્ષન્તવ્યછે. પણ જો આપણે છિદ્રજ શોધવા બેસીએ, તો " तत्को नाम गुणो भवेत् सुगुणिनां यो दुर्जनैर्नोक्तितः " તે પ્રમાણે આપણી પોતાની લઘુતાજ જણાઇ આવે છે.

આ પ્રમાણે આપણે જોયું કે આ ગ્રન્થ અનેક ગુણ વડે રમણીય છે. ભારતવર્ષીય લોકોની શક્તિ સંસ્કૃત ભાષાનો શબ્દાર્થ રૂપી અક્ષય ભંડાર શ્લેષ વગેરે વિચિત્ર ચમત્કાર નિરૂપણમાં તેની અપ્રતિમ શક્તિ, કવિત્વનું તેનું અત્યંત ઉજ્જ્વલ સ્વરૂપ, એ સર્વ એકજ ઠેકાણે ભેગાં થયલાં જોવાની કોઇની ઇચ્છા હોય તો કાદમ્બરી વાંચવાથી તેનો મનોરથ પાર પડશે. વળી પ્રાચીન કાલમાં પ્રચલિત રીતિઓ અહિંઆંજ જોવામાં આવે છે. આ દેશની જ્યારે દુર્દશા થઇ નહોતી ત્યારે અહિંઆ જે અપાર વિભવ હતો. તેની કલ્પના આ ગ્રન્થ વાંચવાથીજ થઇ શકશે.[1]

પશ્ચિમ તરફના ટીકાકારોની દૃષ્ટિથી બાણમાં દોષ છે. અહિંના લોકો તેને પણ ગુણ તરીકે માને છે. શ્લેષ અહિં અલંકાર તરીકે, અને સારા કવિના ભૂષણ તરીકે ગણાય છે, રચનાવિકાસક્રમ અને રચના પદ્ધતિ તો અહિંઆં એજ પ્રકારની ચાલુ હતી તેમાં બાણનો દોષ નથી. અલૌકિક પાત્રનો પ્રવેશ પ્રાચીન સાહિત્યમાં સર્વ સામાન્ય હતો. તેથી બાણના દોષ તે સમયની પરીક્ષા પદ્ધતિએ જોતાં ગુણ રૂપેજ છે. સંસ્કૃત કવિઓએ કહેલું બાણનું યશોગાન આપીને આ વિવાદ વિષયને પુરો કરીશું.[2]

---

૧ 'સંસ્કૃત કવિ' નામે માસિક પત્રમાંથી ફેરફાર સાથે લીધેલું.

૨ આ શ્લોકો સંસ્કૃત વિભાગમાં આવેલા હોવાથી અહિં ફરીથી આપ્યા નથી.

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

ઉપસંહાર.

સર્વભક્ષી કાલ નિર્દય થઈ કાંઇજ છોડતો નથી. ક્યાં છે તે મહાન્ નૃપતિઓ ? ક્યાંછે તેમનાં મહાલયો, સ્તૂપો, અને કીર્તિસ્તંભો? ક્યાં છે તેમનું ધન ? તેમનું નામ નિશાન પણ જણાતું નથી. બાણનો ગ્રન્થ કાલના પણ વિજેતાની પેઠે સુવિખ્યાત છે. કિં બહુના "ક્ષિયન્તે ખલુ ભૂષણાનિ સતતં વાગ્ભૂષણં ભૂષણમ્" એ સિદ્ધજ છે.

કાદમ્બરી વર્ણન અને અહિંનું બીજું સાહિત્ય ગ્રીકસાહિત્યનું અનુકરણ છે, એમ પિટર્સન વગેરે માને છે. અહિંના લોકો સર્વ વસ્તુઓમાં ગ્રીક લોકો કરતાં ચઢતા હતા, અને સુધારાની પ્રગતિ પણ અહિંયાં ત્યાંના કરતાં વધારે જુની છે, એ જાણીતુંજ છે. આથી તેઓના મતને હું મળતો થતો નથી.

કથા અને આખ્યાયિકાનો વિવાદ અસ્થાને લાગવાથી અહિંઆ લખ્યો નથી.

બાણના પુત્રને તેના પિતાનો ગ્રન્થ પુરો કરવા માટે માન ઘટેછે. કાદમ્બરી પુરી કરવી એ દુઃસાધ્ય હતું. તે પણ તેણે કર્યું તે તેની વિદ્વત્તા અને પિતૃભક્તિ બતાવે છે. બાણે કથાનાં જુદાં જુદાં સૂત્રો આટલી ઝડપથી એકઠાં ન કર્યાં હોત એમ કેટલાક કહેછે, એ વાત ખરી છે. કાદમ્બરી પુરી કરવી એ ઘણુંજ અઘરૂં હતું તેથી એટલું પણ કરવા માટે તેને ધન્યવાદ આપવો જોઇએ.

આ પ્રકારનું પુસ્તક આ દેશમાં લખાયું હતું અને બાણ જેવા વિદ્વાન પુરૂષો ભારતવર્ષના અલંકારરૂપે હતા એવું આપણું અભિમાન અસ્થાને નથી.



CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

CC-0. Prof. Satya Vrat Shastri Collection.

Digitized by eGangotri Trust

CC-0. Prof. Satya Vrat Shastri Collection.